PF conciliation file    O/C 3644/99


સ્વાશ્રયી મહિલા સેવા સંઘ

**SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)**

Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.

Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446

E-mail : sewamahila@wilnetonline.net

websight : www.sewa.org


રેફ.સેવા/યુનિયન/નં.૭૯૯/૯૯ તા. ૨૪/૧૧/૯૯

પ્રતિ,
શ્રી એ. કે. પ્રધાન,
શ્રમ સચિવશ્રી,
ગુજરાત રાજય,
ગાંધીનગર.

માનનીયશ્રી, એ. કે. પ્રધાન,

છેલ્લા એક મહિનાથી અમદાવાદ શહેરના ૧૫૦૦૦ બીડી કામદારો જે સંઘર્ષ કરી રહયા છે તે બાબતે અમે આપનું ધ્યાન દોરી તેમાંથી કેવી રીતે કાયદાકીય રીતે ઉકેલ લાવવો તે માટે આપને વિનંતી કરીએ છીએ. જયારથી પ્રોવિડન્ટ ફંડ કમિશનરશ્રીએ પ્રોવિડન્ટ ફંડને લગતી કાર્યવાહી હાથ પર લીધી છે ત્યારથી બધી જ બહેનોનું કામ બંધ થયું છે જેની ખાસ નોંધ લેવા વિનંતી. આ બધી સમસ્યાઓનો હલ લાવવા અમે આપની મદદ માંગીએ છીએ.

વિગતવાર જોઈએ તો,

ગુજરાતમાં દોઢ લાખ અને અમદાવાદ શહેરમાં ૧૫૦૦૦ બીડી કામદારો આવેલાં છે. જેમાંથી ૯૮% સ્ત્રી કામદારો છે. આ બધા ઘરખાતા કામદારો છે. બીડી ઉધોગ નો ઈતિહાસ જોઈએ તો, ગુજરાતમાં બીડીનાં કારખાનાં હતાં જયાં બેસીને કામદારો બીડી બનાવતાં. ફેકટરી એકટ આવતાં માલિકો ધ્વારા આ કારખાનાં બંધ થયા અને બીડી કામદારોને ઘરે બીડી વાળવાનું કામ આપવાનું શરુ થયું – બીડીમાં ત્રણ પ્રકારની પધ્ધતિઓ છે તે જોઈએ તો,

૧. સીધી પધ્ધતિ : આ પધ્ધતિમાં બીડી કામદાર માલિક પાસેથી કાચો માલ એટલે કે તમાકુ, તેંદુપત્તા લાવે અને ઘરે બેસી બીડી બનાવી બીજા દિવસે તૈયાર બીડી પાછી આપે. આ બીડીની માલિક ધ્વારા ગણતરી થાય, છાંટ થાય અને જે બીડી બરાબર ના હોય તે રીજેકટ થાય. આના બદલામાં ૧૦૦૦ બીડી પ્રમાણે કામદારોને મજૂરી ચૂકવાય.

# સ્વાશ્રયી મહિલા સેવા સંઘ

## SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)

Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.
Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446
E-mail : sewamahila@wilnetonline.net
websight : www.sewa.org


બાલમ્માબેન પતિ-પત્ની નું ગુજરાન ૫૦૦ બીડી પર ચાલે. પતિ બંધમિલકામદાર – છોકરા જુદા રહે, રોજ બીડી બનાવે મજૂરી મળેને સાંજે ખાવા ભેગા થાય-શ્વાસની તકલીફ, બી.પી આ બધી બિમારી ઓ સાથે કામકરે-મજૂરી મળતી બંધ થઈ ગઈ. દવાના પૈસા કયાંથી આવે ? અને ખાય શું ? આવી તો વાત દરેકે દરેક આ અસંગઠિત વગના રોજ કમાઇને ખાનારા કામદારોની છે.

દરમ્યાન અમુક જગ્યાએ કામ શરુ થયું પણ તે ઠેકેદારો ધ્વારા અને પાછી તેમણે નવી પધ્ધતિ અપનાવી તે ખરીદ-વેચાણ પધ્ધતિ અને કામદારો પાસેથી જબરજસ્તી કામ જોઈએતો કોરા કાગળ પર અગુંઠા / સહીઓ લેવાનું શરુ કયુ. બેકાર કામદારો એ મજબુરીથી આ અગુંઠા સહીઓ આપ્યા. જે કિસ્સામાં કામદારોએ વિરોધ કરતો પત્ર આપની ઓફીસે લખ્યો છે.

ખરીદ-વેચાણ પધ્ધતિથી જે પત્રક ઠેકેદારો રાખે છે તેની નકલ આ સાથે બિડેલ છે.

આ કામ બંધ થયું ત્યારે 'સેવા' એ પણ હજારો કામદારો બેકાર ના બને માટે સમાધાનની ફોર્મ્યુલા માલિકો / ઠેકેદારો સમક્ષ મુકી.

જીવરાજ બીડીના પ્રોવિડન્ટ ફંડના કેસમાં અમે પ્રોવિડન્ટ ફંડ ખરેખર ચુકવાયેલ મજુરી પર માંગીએ.

આપશ્રીની ઓફીસમાં વાટાઘાટો માટે ત્રણ મીટીગો માલિકો / ઠેકેદારો અને સેવા સાથે બોલાવાઈ. પહેલી મીટીગમાં માલિક / ઠેકેદાર કોઈ જ હાજર રહયાં નહી – બીજી બે મીટીંગોમાંથી કોઈ ઉકેલ આવ્યો નહી અને હાલમાં જોઈએ તો,

૧. કામદારો બેકાર છે.
૨. ખરીદ-વેચાણ પધ્ધતિ ઠેકેદારો ધ્વારા શરુ થઈ ગઈ છે જેથી કામદારોનું શોષણ ચાલુ જ છે.
૩. જીવરાજ બીડી વકસે ૪/૧૦/૯૯ થી જે કામદારોને સીધી પધ્ધતિથી તેમના પાસેથી કામ આપતાં હતાં તે પણ બંધ કર્યું છે.

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ
**SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)**
Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001,
Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446
E-mail : sewamahila@wilnetonline.net
websight' : www.sewa.org

૨. કોન્ટ્રાકટ પધ્ધતિ: આ પધ્ધતિમાં ઠેકેદાર પાસેથી કામદાર કાચો માલ લે. તૈયાર બીડી પાછી આપે બીડી ની છાંટ થાય અને તેના બદલામાં મજૂરી કામદારોને ચૂકવાય. આ રીતે એકઠી કરેલી બીડી ઠેકેદાર માલિકને પુરી પાડે અને તેના બદલામાં તેને તેનું વળતર મળે.

૩. ખરીદ-વેચાણ : આ પધ્ધતિમાં દાખલા તરીકે એક જ માલિક અથવા એક જ માલિક અને તેમના કુટુંબીજનો ને માલિક તરીકે દર્શાવી કાયદાની જોગવાઈ માંથી છટકવા માટે અને કામદારોને કાયદાકીય લાભ માંથી વંચિત રાખવા માટે જુદી - જુદી પેઢીઓ ઉભી કરી હોય. જે ફકત કાગળ ઉપર જ હોય એક સંસ્થા કામદારોને કાચો માલ આપે. બીજી સંસ્થા કામદારો પાસેથી તૈયાર બીડી પાછી લે. ત્રીજી સંસ્થા તૈયાર બીડી પર લેબલીગનું કામ કરે અને ચોથી સંસ્થા આ બીડીના માર્કેટીગનું કામ કરે. કામદાર એક નંબરની સંસ્થા પાસે જાય ત્યારે તેમણે રોકડ પૈસા આપીને કાચો માલ ખરીદવો પડે. જયારે બે નંબરની સંસ્થાને વેચાણે આપે ત્યારે વેચાણ બીડીનું કરે છે તેમ બતાવી તેના પૈસા મળે. આમાં બીજી પણ એક રીતે થાય કે, ખરેખર આવી ચાર સંસ્થા બતાવીને પણ કાચા માલ લેતી વખતે કોઈ પૈસા કામદાર ના આપે અને બે નંબરની સંસ્થાપાસે જાય ત્યારે મજૂરીના પૈસા જ તેમને મળે.

આ બધા જુદી - જુદી પ્રથા અપનાવવાનો એક માત્ર હેતુ છે કે,'માલિક- નોકર' નો સંબંધ સીધી રીતે અને જલ્દીથી પૂરવાર ન થઈ શકે અને બીડી બનાવતા કામદારબેનોને કાયદાકીય લાભો થી વંચિત રાખી શકાય.

સ્વાશ્રયી મહિલા સેવા સંઘ
**SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)**
Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.
Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446
E-mail : sewamahila@wilnetonline.net
websight : www.sewa.org

આમાં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, ખરીદ-વેચાણ પધ્ધતિ હોય તેમ છતાં બીડીની બ્રાન્ડ હંમેશા દોરાથી ઓળખાય છે તો જો, બીજા રંગના દોરાની બીડી વેચવા બે નંબરની સંસ્થા પાસે જાય તો, એ તૈયાર બીડી બે નંબરની સંસ્થાના લે અને પોતાના બ્રાન્ડના દોરાની બીડી જ માંગે. તેમજ બહારથી કાચો માલ ખરીદિ તૈયાર બીડી બીડી કામદાર આપે તો તેવી બીડી પણ આ બે નંબરની સંસ્થા ના લે. પોતાના ગ્રુપની સંસ્થા પાસેથી જ ખરીદેલ કાચોમાલ હોય અને તેના પર પોતાની બ્રાન્ડનો દોરો હોય તો જ તે સંસ્થા કામદાર પાસેથી બીડી લે.

આમ, આ આખીય ગોઠવણ કાગળ પર કરી કામદાર-માલિકના સંબંધમાંથી માલિકો છટકી જાય.

આગળ વાત કરીએ તો, ઘરે બીડી આપવાનું સીધી પધ્ધતિથી માલિક ધ્વારા શરૂ થયું. - 'સેવા' ધ્વારા સંગઠનનું કામ થતાં, પહેલાં જે લોગ બુક પણ કામદારોને માલિક ધ્વારા અપાતી તે બધી પાછી લેવાઈ ગઈ.

૧૯૮૪ જીવરાજ બીડી વર્કસ, ગુજરાતના સહુથી મોટી બીડી કંપની કે જયાં ત્રણ હજાર કામદારો કામ કરતાં તેમના સામે સેવાએ બીડીની મજૂરીમાં છાંટ કાઢવા સિવાય વધારો તેમજ હકારની વગેરે અત્રે કેસ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલમાં કર્યો. આમાં ૧૯૯૦ માં ૧૫૪ કામદારો માટે સમાધાન કર્યું જેના વળતર રૂપે ૪,૫૦,૦૦૦ રૂા. કામદારોને મળયાં. દર વર્ષે સેવા તથા તેના આગેવાનો જીવરાજ બીડી સાથે બેસી બીડીના ભાવ વધારા અંગેકસરનામું વાટાઘાટો ધ્વારા નકકી કરવામાં આવશે તેમ થયું. (આ ચુકાદાની નકલ આ સાથે બીડેલ છે.)

૧૯૯૦ માં સમાધાન થતાં જ, જીવરાજ બીડી વર્કસે કામની આખી પધ્ધતિ જ બદલી નાંખી માલિક ધ્વારા સીધી જ પધ્ધતિ થી કામદારોને જે કામ મળતું હતું તેના બદલે ઠેકેદારપધ્ધતિથી સીધી પધ્ધતિ રાખી અને મોટા ભાગના કામદારોને સીધી પધ્ધતિથી માલિક ધ્વારા કામ આપવાનું બંધ કર્યું. અને માલિકોએ કામે રાખીને ખરીદ-વેચાણ પધ્ધતિ શરૂ કરી.

ંત્રી : રીમા નાણાવટી
l Secretary : REEMA NANAVATY

સ્થાપક : ઇલા આર. ભટ્ટ
Founder : ELA R. BHATT

# સ્વાશ્રયી મહિલા સેવા સંઘ

# SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)

Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001

Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446

E-mail : sewamahila@wilnetonline.net

websight : www.sewa.org


અમારા પાસે કોઈ જ પુરાવા નથી. 'સેવા' એ કામદારો સાથે મીટીંગ કરી અને તેમને ચુકવાયેલ ખરેખર મજુરી – લઘુત્તમ વેતન નહી તે પ્રમાણે ૧૫૪ કામદારોની કેટલી થાય છે તે ગણતરી કરીને આપી. ( આ સાથે ખરેખર ચુકવાયેલ મજુરી તેમજ તે વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કેટલું હતુ તેની નકલ બીડિલ છે.) માલિકે આ જોઈને કહયું અમારા પાસે પુરાવા છે. પહેલીવાર આટલા વર્ષોમાં પુરાવાઓ રજુ થયા. તેમના જણાવ્યા પ્રમાણે ૧૯૮૨ પહેલાંનાં પુરાવા એક પણ નથી. અને આમ જોઈએ તો, ૧૯૮૨ થી તેમણે કોન્ટ્રાકટ પધ્ધતિ શરુ કરેલી. એ પહેલાં હજારો કામદારો જીવરાજ બીડી વર્કસમાં સીધી પધ્ધતિએ કામ કરતાં હતાં. તેમાંથી છટકવા આવું જણાવ્યું.

પ્રોવિડન્ટ ફંડ કમિશ્નરની ઓફીસ સેવાના પ્રતિનિધિઓ સાથે રહીને તે પુરાવાઓનુંઈન્સ્પેકશન પણ થયું. સેવાએ પ્રોવિડન્ટ ફંડ કમિશ્નરશ્રીની ઓફીસમાં ખરેખર ચુકવાયેલ મજુરી નહી પરંતુ, લઘુત્તમ વેતન ઉપરથી પ્રોવિડન્ટ ફંડની ગણતરી થાય તેવું સ્ટેટમેન્ટ રજુ કર્યુ. અને આ બધાથી તા. ૪/૧૦/૯૯ થી જીવરાજ બીડી વર્કસ અને અમદાવાદ શહેરના તમામ માલિક/ઠેકેદારો એ કામ બંધ કર્યુ – આ માટે વારંવાર 'સેવા' ના પ્રતિનિધિઓ, જીવરાજ બીડી વર્કસ તેમજ ભગત બીડી, પટેલ બીડી, બહાર ગામના બીડી બનાવતાં માલિકો તેમજ ઠેકેદારો સાથે વાટાઘાટો માટે મીટીગો થઈ. તેમાં તેમના તરફથી એક મુદ્દો વારંવાર આવતો કે, ગુજરાતનું લઘુત્તમ વેતન ખુબ ઉંચુ હોવાથી તે આપવું પોસાતું નથી અને બીજા રાજયોમાં લઘુત્તમ વેતજ નીચું હોવાથી આખો બીડી ઉદ્યોગ ત્યાં ખેંચાઈ જઈ ગુજરાતનો બીડી ઉદ્યોગ બંધ થઈ જશે, હજારો કામદારો બેકાર થશે. આથી, 'સેવા' એ પણ આ સંદર્ભે તા. ૨૪/૯/૯૯ ના રોજ માનનીય શ્રમ સચિવશ્રીને ઉદ્દેશી પત્ર લખેલ (જેની નકલ આ સાથે બીડિલ છે.) અને આ હજારો કામદારો બેકાર ના બને અને બીડી ઉદ્યોગ બીજા રાજયોમાં ખસી ના જાય માટે માલિકો તેમજ સેવા સાથે ઉચ્ચ કક્ષાની મીટીગ યોજી તેમાંથી રસ્તો કાઢવા વિનંતી કરેલ. જેની નકલ આપશ્રીને આપેલ અને આપના સાથે આ આખા પ્રશ્નની ચચા કરેલ.

આ દરમ્યાન ૪/૧૦/૯૯ થી આખા અમદાવાદ શહેરના માલિકો / ઠેકેદારો એકઠા થઈને કામ બંધ કયુ – બીડી કામદારો જેમની કમાણી ઉપર જ ઘર કુટુંબ ચાલતાં તે મુશ્કેલીમાં મુકાયા. મોટા ભાગના બીડી કામદારોના કુટુંબીજનો મિલમાં નોકરી કરતાં. એક બાજુ મિલો બંધ તેમાંથી તેમના કુટુંબીજનોએ રોજી ગુમાવી બીજી બાજુ બીડી કામ બંધ....કામદારોએ પોતાની બચત, મુડી વાપરી કાઢી, જે નાનાં ઘરેણાં હતાં તે વેચ્યાં – આમ સખત આથિક ભીસમાં આવી ગયા. સાયરાબેન ત્યકતા, સાત બાળકો છેલ્લા ૭ વષથી મા–દીકરી થઈ ૨૦૦૦ બીડી બનાવે. બીડીકામ બંધ થવાથી કુટુંબનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ થઈ ગયું. બીડીના મજૂરીના પૈસા આવે અને તેમાંથી દાલ–ચાવલ આવે. બે દીકરીઓને સખત તાવ આવે. દવાના પૈસા પણ નથી: છેવટે તેમની છેલ્લી મૂડીરુપે સોનાનો દોરો વેચ્યો. પણ આ પૈસા કયાં સુધી ચાલશે ? હવે તો તે પણ ખલાસ થઈ ગયાં છે. બીડી કામ વગર હુ શું કરું ? છોકરાનું દુ:ખ જોવાતું નથી, આંખમાં પાણી સાથે વાત કરે છે.